# ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ

## મોજે-ચિલોડા (ડભોડા)
## રી-સર્વે નં.૭૨૧ (૪૯૨)
## ટી.પી.નં.૧૭ (ચિલોડા),
## એફ.પી.નં.૧૧૫

Mitesh N. Patel
Advocate
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

રેફ. નં.

પ્રતિશ્રી,
**ડી. આર. ડેવલોપર્સ (DR DEVELOPERS)**
ઓફીસ : ચિલોડા (ડભોડા),
તા.જિ.ગાંધીનગર.

બાબત : જત ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ **ગાંધીનગર**ના મોજે-**ચિલોડા** (ડભોડા) ગામની સીમના **ખાતા નં.૮૮૪** ના રી-સર્વે નં.૭૨૧ (જુનો બ્લોક/સર્વે નં.૪૬૨)ની કુલ **૧-૫૬-૮૧** હે.આરે.ચો.મી. પૈકી ૦-૮૩-૭૧ હે.આરે.ચો.મી. બીન ખેતીની જમીન જેનો ડ્રાફટ ટી.પી. **સ્કીમ નં.૧૦** **(ચિલોડા)**માં સમાવેશ થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ **પ્લોટ નં.૧૧૫** ની ૫૪૧૪ ચો.મી. બીનખેતીની જમીન અંગેનું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ

---

મહાશય,

આથી અમો નીચે સહી કરનાર **મિતેષ પટેલ, એડવોકેટ** તે અમારા અસીલ ડી.આર.ડેવલોપર્સે અમારી પાસે જત ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ **ગાંધીનગર**ના મોજે-**ચિલોડા (ડભોડા)** ગામની સીમના **ખાતા નં.૮૮૪** ના રી-સર્વે નં.૭૨૧ (જુનો બ્લોક/સર્વે નં.૪૬૨)ની કુલ **૧-૫૬-૮૧** હે.આરે.ચો.મી. પૈકી ૦-૮૩-૭૧ હે.આરે.ચો.મી. બીન ખેતીની જમીન જેનો ડ્રાફટ ટી.પી. **સ્કીમ નં.૧૦**

Mitesh N. Patel Advocate Gandhinagar



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

Mitesh N. Patel
Advocate
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

(ચિલોડા)માં સમાવેશ થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૧૫ ની ૫૪૧૪ ચો.મી. બીનખેતીની જમીન તમો અતિશ્રીઓની સંયુક્ત, માલીકી, કબજા, ભોગવટેદાર તરીકે આવેલા હોવાનું જણાવી તમોએ અમારી પાસે ઉપરોક્ત જમીનના ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ અભિપ્રાયની માંગણી કરતાં અમોએ નીચે જણાવેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે તેમજ અવલોકને લીધા.

૧. રી-સર્વે નં.૭૨૧ ના ગામના નમુના નં.૭/૧૨ના ઉતારાની નકલ.

૨. રી-સર્વે નં.૭૨૧ ના ખાતા નંબર : ૮૮૪ ના ગામના નમુના નંબર : ૮-અના ઉતારાની નકલ.

૩. રી-સર્વે નં.૭૨૧ ના ગામના નમુના નં.૬ના હક્કપત્રકની ફેરફાર નોંધો

૪. રી-સર્વે નં.૭૨૧નું તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ અરજી નં.૨૯૭૮૦ તથા તા.૩૧/૦૩/૨૫ના રોજ અરજી નં.૧૫૬૨ થી કરેલ સર્ચ તપાસ.

ઉપરોક્ત જણાવેલ વિગતે દસ્તાવેજી પુરાવા તેમજ આધારોની તપાસ કરતાં અમોને એવું માલુમ પડે છે કે....

(૧) સૌ પ્રથમ સર્વે નં. ૪૭૧/૧ નો પ્રત્યક્ષ કબજો ગાંડાજી મગનભાઈનો હોવાથી તેનું નામ કબજેદારમાં દાખલ કરવા ફેરફાર નોંધ નં. ૩૫ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા સર્ટીફાઈડ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ સર્વે નં. ૪૭૧/૨+૩ વાળી જમીનનો પ્રત્યક્ષ કબજો પમીરજી રેવાજીનો હોવાથી તેમનું નામ કબજેદારમાં દાખલ કરવા ફેરફાર નોંધ નં.



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

Mitesh N. Patel
Advocate
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

૪૪ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા સર્ટીફાઈડ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ સર્વે નં. ૪૭૦/૧ વાળી જમીનનો પ્રત્યક્ષ કબજો જુના વખતથી ઠા. વીસાજી ડુંગરજીનો હોવાથી તેમનું નામ કબજેદારમાં દાખલ કરવા ફેરફાર **નોંધ નં. ૧૫૦** દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા સર્ટીફાઈડ કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ સદરહું જમીનના રેવન્યુ રેકર્ડ ટુકડા અંગેની ફેરફાર **નોંધ નં. ૨૨૧** દાખલ કરવામાં આવેલ છે. પરંતુ સદરહું નોંધની તમામ વિગત વાંચી શકાય તેવી ના હોય તેનો વિગતવાર અભ્યાસ થઈ શકેલ નથી.

(૬) ત્યારબાદ સર્વે નં. ૪૭૧/૧ ના સને-૧૯૫૪-૫૫ ની સાલમાં સામાન્ય ગણોતીયા તરીકે વેલાજી રેવાજી તથા સર્વે નં. ૪૭૧/૨+૩ ના સને-૧૯૫૪-૫૫ ની સાલના સામાન્ય ગણોતીયા તરીકે વેલાજી રેવાજી તથા સર્વે નં. ૪૭૧/૪ ના સને-૧૯૫૪-૫૫ ની સાલમાં સામાન્ય ગણોતીયા તરીકે જેસંગભાઈ ખોડીદાસ હોવાથી સામાન્ય ગણોતીયા અંગેની ફેરફાર **નોંધ નં. ૩૦૯** દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા સર્ટીફાઈડ કરવામાં આવેલ છે.

(૭) ત્યારબાદ સર્વે નં. ૪૭૧/૪ ના સને-૧૯૫૬-૫૭ ની સાલમાં સામાન્ય ગણોતીયા તરીકે શીવાભાઈ જેસંગભાઈને દાખલ કરવા અંગેની ફેરફાર



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

Mitesh N. Patel
Advocate
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

નોંધ નં. ૩૧૦ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા સર્ટીફાઈડ કરવામાં આવેલ છે.

(૮) ત્યારબાદ સર્વે નં. ૪૭૧/૪ ના સને-૧૯૫૬-૫૭ ની સાલમાં સામાન્ય ગણોતીયા તરીકે શીવાભાઈ જેસંગભાઈ, જીજીજી દેસળજી, મકાજી નથુજીને દાખલ કરવા અંગેની ફેરફાર **નોંધ નં. ૩૧૧** દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા સર્ટીફાઈડ કરવામાં આવેલ છે.

(૯) ત્યારબાદ સર્વે નં. ૪૭૧/૩ ના રેવન્યુ રેકર્ડ સં.ગ. એન્ટ્રી નં. ૨૧૯૦ પાડવામાં આવેલ તેની નોંધ ૭/૧૨ માં બીજા હકમાં પેન્સીલથી કરવામાં આવેલી પરંતુ સદર એન્ટ્રી રદ કરવા કરી જીજીજી દેસળજીનું નામ દાખલ કરવા નવેસરથી એન્ટ્રી પાડવા ફેરફાર **નોંધ નં. ૩૧૩**, તા.૧૩/૦૫/૫૭ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૧૦) ત્યારબાદ મે. ડી.આઈ.એલ.આર. સા. લેન્ડ રેકર્ડનું માપણી અંગેનું હિસ્સા પત્રક નં. ૧૨ આવવાથી સર્વે નં. ૪૭૦/૧, એ.૦-૩૫ ગું. વીસાજી ડુંગરજી, સર્વે નં. ૪૭૧/૧, એ.૩-૪ ગું. ગાંડાભાઈ મગનભાઈ, સર્વે નં. ૪૭૧/૨, એ.૧-૦ ગું. ભુલા રેવા, સર્વે નં. ૪૭૧/૩, એ.૦-૩૧ગું. ગમીરજી રેવાજી, સર્વે નં. ૪૭૧/૪, એ.૦-૧૨ ગું. જેસંગ ખોડીદાસ, સર્વે



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

Mitesh N. Patel
Advocate
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

નં. ૪૭૧/૫, એ.૦-૨૨ ગું. વીસાજી ડુંગરજી ના ખાતે દાખલ કરવા અંગેની ફેરફાર **નોંધ નં. ૪૦૦,** તા.૦૫/૦૧/૫૯ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૧૧) ત્યારબાદ સર્વે નં. ૪૭૧/૪ વાળી જમીનમાંથી ટ્રી.કે.નં. ૬૦૭/૫૮-૫૯, તા.૨૧/૦૭/૫૯ થી મફાજી નથુજીનું નામ કમી કરી સહભાગીદાર તરીકે દાખલ કરવા હુકમ થઈ આવતાં હુકમ અંગેની ફેરફાર **નોંધ નં. ૪૨૮,** તા.૧૦/૦૯/૫૯ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૧૨) ત્યારબાદ સર્વે નં. ૪૭૧/૨+૩ વાળી જમીનમાંથી ટ્રી.કે.નં.૬૦૫/૫૮-૫૯ તા.૨૦/૦૩/૫૯ થી વેલાજી રેવાજી, ગમીરજી રેવાજીનું નામ કમી કરી વેલાજી રેવાજીનું નામ સહભાગીદારમાં દાખલ કરવા હુકમ થઈ આવતાં હુકમ અંગેની ફેરફાર **નોંધ નં. ૪૩૦,** તા.૧૦/૦૯/૫૯ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૧૩) ત્યારબાદ સદરહું જમીનના રેવન્યુ રેકર્ડે વારસાઈ અંગેની ફેરફાર નોંધ નં. ૪૭૦, દાખલ કરવામાં આવેલ છે. **જે નોંધ સદરહું જમીનને લાગુ પડતી નથી.**

(૧૪) ત્યારબાદ સદરહું સર્વે નં. ૪૭૧/૨+૩ વાળી જમીનના ખાતેદાર ગમીરજી રેવાજીનું આઠ વર્ષ અગાઉ અવસાન થવાથી તેમના સીધી લીટીના



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

**Mitesh N. Patel**
**Advocate**
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

વારસદારો તરીકે ગાંડાજી ધમીરજી, બુધાજી ગમીરજી, નેનાજી ગમીરજી, શકરાજી ગમીરજી તથા બાઈ નાથી તે ગમીરજીની વિધવાના નામો વારસાઈ હક્કે દાખલ કરવા વારસાઈ અંગેની ફેરફાર નોંધ નં. ૪૮૨, તા.૧૩/૦૯/૬૦ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

(૧૫) ત્યારબાદ સર્વે નં. ૪૭૧/૪ વાળી જમીનના ખાતેદાર મફાજી નથુજીનું તા.૧૩/૧૦/૬૧ ના રોજ અવસાન થવાથી તેમના વારસદારો તરીકે સગીર અંબાલાલ મફાજીના વાલી બાઈ સુરીબેન તે મફાજીની વિધવા, ભીખીબેન મફાજી, શકરીબેન મફાજી, સુરીબેન મફાજીના નામો વારસાઈ હક્કે દાખલ કરવા વારસદારો તથા ગામ લોકો તથા મરણ સર્ટી ઉપરથી વારસાઈ અંગેની ફેરફાર નોંધ નં.૪૯૪, તા.૧૦/૦૧/૬૨ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

(૧૬) ત્યારબાદ સર્વે નં. ૪૭૦/૧, ૪૭૧/૧, ૪૭૧/૨, ૪૭૧/૩, ૪૭૧/૪, ૪૭૧/૫ વાળી જમીનો એકત્રીકરણમાં આવેલ હોવાથી મહેરબાન મદદનીશ એકત્રીકરણ અધિકારી સાહેબ અમદાવાદ તરફથી સને-૧૯૪૭ ના મુંબઈ ખાતાના ટુકડા થતા અટકાવવા તથા તેના એકત્રીકરણ બાબતના અધિનિયમ મુજબ તકતા આધારે ગાંડાજી ગમીરજી વિગેરેના ખાતે નવો બ્લોક નં. ૪૬૨ દાખલ કરવા ફેરફાર નોંધ નં. ૫૪૩, તા.૨૮/૦૩/૬૪ ના



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

**Mitesh N. Patel**
**Advocate**
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૧૭) ત્યારબાદ બ્લોક નં. ૪૬૨ વાળી જમીન સને-૧૯૫૧-૫૨ થી વેલાજી રેવાજી ખેડતા નહિ હોવાથી તેમનું નામ બીજા હકમાંથી કમી કરવા ફેરફાર **નોંધ નં. ૬૫૩**, તા.૨૫/૦૧/૬૭ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૧૮) ત્યારબાદ બ્લોક નં. ૪૬૨ વાળી જમીનના સહભાગીદાર વેલાજી રેવાજીનું આશરે ૨૦ વર્ષ અગાઉ અવસાન થવાથી તેમના વારસદારો તરીકે કાળાજી વેલાજી, શંભુજી વેલાજી તથા બેનીબેન તે વેલાજી રેવાજીની વિધવા એમ કુલ-૩ (ત્રણ) વારસદારોના નામો વારસાઈ હક્કે દાખલ કરવા પક્ષકારોના જવાબ, પંચનામા આધારે વારસાઈ અંગેની ફેરફાર **નોંધ નં. ૧૧૮૮** દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૧૯) ત્યારબાદ બ્લોક નં. ૪૬૨ વાળી જમીનના રેવન્યુ રેકર્ડ ફેરફાર નોંધ નં. **૧૫૯૮**, દાખલ કરવામાં આવેલ છે. **જે નોંધ સદરહું જમીનને લાગુ પડતી નથી.**

(૨૦) ત્યારબાદ બ્લોક નં. ૪૬૨ વાળી જમીનમાંથી (૧) જડીબેન ગાંડાજી, (૨) રઈબેન ગાંડાજી, (૩) કાળીબેન ગાંડાજીનાઓએ પોતાનો હક્ક હિસ્સો



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

**Mitesh N. Patel**
**Advocate**
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

ઉઠાવી લીધેલ હોવાથી તેમના નામો કમી કરવા હક કમી અંગેની ફેરફાર **નોંધ નં. ૧૭૯૯**, તા.૦૫/૦૧/૨૦૦૦ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૨૧) ત્યારબાદ બ્લોક નં. ૪૬૨ વાળી જમીન પર ઠાકોર રમતુજી ગાંડાજીએ ચિલોડા સેવા સહકારી મંડળી લી.માંથી રૂા.૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પુરાનું ધીરાણ મેળવતાં અરજદારે અરજી સાથે મંડળીનું એકરારનામું રજુ કરતાં બોજો દાખલ અંગેની ફેરફાર **નોંધ નં. ૩૭૮૬**, તા.૨૦/૦૪/૨૦૧૧ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા.૨૩/૦૭/૨૦૧૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૨૨) ત્યારબાદ બ્લોક નં. ૪૬૨ વાળી જમીન પર રમતુજી ગાંડાજીએ ચિલોડા સેવા સહકારી મંડળી લી.માંથી ધીરાણ મેળવેલ હતું જે ધીરાણ ભરપાઈ થતાં અરજદારે અરજી સાથે મંડળીનો તા.૧૬/૦૮/૨૦૧૧ નો બોજા મુક્તિનો દાખલો રજુ કરતાં બોજા મુક્તિ અંગેની ફેરફાર **નોંધ નં. ૩૮૮૧**, તા.૨૩/૦૮/૨૦૧૧ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા. ૧૧/૧૦/૨૦૧૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૨૩) ત્યારબાદ રી-સરવે સંબંધી તૈયાર કરવામાં આવેલ રેકર્ડનું પ્રાંત અધિકારીશ્રી આર.વી.વ્યાસ દ્વારા હુકમ નં.પીઓ/પ્રમોલગેશન/ચિલોડા(ડ)/૧૬,



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

# Mitesh N. Patel
**Advocate**

+91 99250 10889 | mitesh.patel097@gmail.com


તા.૧૭/૧૦/૨૦૧૬ થી જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવી દિવસ-૩૦માં લેખીત વાંધા અરજીઓ મંગાવેલ ત્યારબાદ સદર નોટીસના સમયગાળા દરમ્યાન રજુ થયેલ વાંધા અરજીઓ અન્વયે કરવાપાત્ર સુધારાઓ સાંકળી નવું રેકર્ડ તૈયાર કરી મોકલવામાં આવેલ જે રી-સરવે સબંધી તૈયાર થયેલ નવા રેકર્ડની સો ટકા ખરાઈ મામલતદારશ્રી ગાંધીનગર દ્વારા કર્યા બાદ પ્રાંત અધિકારીશ્રી ઋતુરાજ સાંકાભાઈ દેસાઈ, પ્રાંત કચેરી, ગાંધીનગર પ્રાંત દ્વારા ચકાસણી કરી હુકમ નં. જમીન/રી સરવે/પ્રમોલગેશન/ચિલોડ (ડ)/ ૧૩,તા.૨૯/૦૯/૨૦૧૭ થી નવું તૈયાર થયેલ રી-સરવે સંબંધી રેકર્ડનું પ્રમોલગેશન કરી આખરી કરવામાં આવેલ જે મુજબ જુના બ્લોક / સરવે નં.૪૯૨ નો નવો બ્લોક/સરવે નં.૭૨૧ બનેલ તે મુજબ જુના-નવા સરવે નંબર, ક્ષેત્રફળ, આકાર, કબજેદારની વિગતો સાથેના પત્રક મુજબ મોજે-ચિલોડા (ડભોડા) ગામના સરવે નં.૧ થી સરવે નં.૯૦૨૨ એમ કુલ પાનિયા ૮૪૨ ના પ્રમોલગેશન અંગેની ફેરફાર નોંધ નં.૪૯૨૯ થી તા.૦૩/૦૨/૨૦૧૮ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૨૪) ત્યારબાદ સદરહું જમીનના ખાતેદારો પૈકી ભુધાજી ગમીરજી (ખાતા નં. ૨૫૨)નું (મરણ દાખલો અપ્રાપ્ય) તથા પુંજીબેન તે ભુધાજીની પત્નીનું પાંત્રીસ વર્ષ અગાઉ તથા સોમીબેન ભુધાજીનું તા.૧૮/૧૦/૨૦૦૬ ના રોજ




Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

Mitesh N. Patel
Advocate
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

અવસાન થવાથી સીધી લીટીના વારસદારો તરીકે (૧) ડાહીબેન બુધાજી ઠાકોર એમ કુલ-૧ વારસદારોના નામો મરનારના ખાતામાં દાખલ કરવા રજુ થયેલ અરજી, મરણનો દાખલો/અપ્રાપ્ય દાખલો, પેઢીનામું-પંચનામું તથા સોગંદનામાંના આધારે વારસાઈ અંગેની ફેરફાર નોંધ નં. ૪૮૫૧, તા.૧૫/૧૦/૨૦૧૯ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૨૫) ત્યારબાદ સદરહું જમીનના ખાતેદારો પૈકી બેનીબેન તે વેલાજી રેવાજીની વિધવાનું આશરે ૨૫ વર્ષ અગાઉ અવસાન થયેલ હોઈ તેમનું નામ કમી કરવા અરજદારની અરજી, હક્ક કમી અંગેનું સોગંદનામું, મરણનો દાખલો તથા ૭/૧૨ ની નકલ આધારે હક કમી અંગેની ફેરફાર નોંધ નં. ૪૮૫૨, તા.૧૫/૧૦/૨૦૧૯ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા.૦૯/૦૧/૨૦૨૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૨૬) ત્યારબાદ સદરહું જમીનના ખાતેદારો પૈકી નાથીબેન તે ગમીરજી રેવાજીની વિધવાનું આશરે ૨૨ વર્ષ અગાઉ અવસાન થયેલ હોઈ તેમનું નામ કમી કરવા અરજદારની અરજી, હક્ક કમી અંગેનું સોગંદનામું, મરણનો દાખલો તથા ૭/૧૨ ની નકલ આધારે હક કમી અંગેની ફેરફાર નોંધ નં. ૪૮૫૩, તા.૧૫/૧૦/૨૦૧૯ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

**Mitesh N. Patel**
**Advocate**
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

અધિકારીશ્રી દ્વારા તા. ૩૧/૧૨/૨૦૧૯ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૨૭) ત્યારબાદ સદરહું જમીનના ખાતેદારો પૈકી નેનાજી ગમીરજી ઠાકોરનું તા.૨૯/૦૪/૧૯૯૧ ના રોજ અપરણિત નિર્વંશ મૈયત થયેલ હોઈ તેમનું નામ કમી કરવા અરજદારની અરજી, પેઢીનામું, સોગંદનામું, મરણનો દાખલો તથા ૭/૧૨ ની નકલ આધારે હયાતીમાં વહેંચણી અંગેની ફેરફાર **નોંધ નં. ૪૯૦૧**, તા.૧૭/૦૧/૨૦૨૦ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા. ૧૭/૦૪/૨૦૨૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૨૮) ત્યારબાદ મે. મામલતદારશ્રી, ગાંધીનગરના હુકમ નં.મામ/ઈ-ધરા/સુધારા/ એસ.આર.નં.૨૬/૨૦૨૦, તા.૦૩/૦૨/૨૦૨૦ ના રોજના હુકમ આધારે સદરહું જમીનમાં કબજેદાર તરીકે જેથી અમિતજી ઉદાજી ઠાકોર તે સોમીબેનના પુત્રનું નામ દાખલ કરવા પુરતો સુધારો કરવા હુકમ થઈ આવતાં હુકમ અંગેની ફેરફાર **નોંધ નં. ૪૯૦૭**, તા.૦૭/૦૨/૨૦૨૦ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા.૧૧/૦૩/૨૦૨૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૨૯) ત્યારબાદ ખાતા નં. ૨૫૨, રી-સર્વે નં. ૭૨૧ જુનો બ્લોક નં. ૪૬૨, જૂ.સ.નં. ૪૭૧/૧૬, ૪૭૧/૩, ૪૭૧/૪, ૪૭૦/૧, હે.આરે. ચો.મી.,



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

**Mitesh N. Patel**
**Advocate**
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

૧-૫૬-૮૧ પૈકી ૦-૮૩-૭૧ વાળી જમીન પૈકી શકરાજી ગમીરજી, રમતુજી ગાંડાજી, ડઈબેન ઉર્ફે ડાહીબેન બુધાજી ઠાકોર તે પોપટજી ઠાકોરની પત્નિ, અમીતજી ઉદાજી ઠાકોર તે સોમીબેનના પુત્ર (રજી. વેચાણ દસ્તાવેજ નં.૧ થી ૪ નો ૧૫૧૪૧)ના હિસ્સાની ૪૧૮૫.૫ ચો.મી. જમીન (ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૧૦) ચિલોડા (મોટા)માં સમાવેશ તથા ફા. પ્લોટ નં. ૧૧૫ ની ૫૪૪૧ ચો.મી. જમીન પૈકી શકરાજી ગમીરજી, રમતુજી ગાંડાજી, ડઈબેન ઉર્ફે ડાહીબેન બુધાજી ઠાકોર તે પોપટજી ઠાકોરની પત્નિ, અમીતજી ઉદાજી ઠાકોર તે સોમીબેનના પુત્રના હિસ્સાની એફ.પી. મુજબ ૨૭૨૦.૫ ચો.મી. જુની શરતની ખેતીની જમીન તથા કાળાજી વેલાજી અને શંભુજી વેલાજી (રજી. વેચાણ દસ્તાવેજ નં. ૫ થી ૬ નો ૧૫૧૩૪)નાઓની હે.આરે.ચો.મી. ૧-૫૬-૮૧ પૈકી ૦-૮૩-૭૧ વાળી જમીન પૈકી કાળાજી વેલાજી અને શંભુજી વેલાજી (રજી. વેચાણ દસ્તાવેજ નં.૫ થી ૬ નો ૧૫૧૩૪)ા હિસ્સાની ૪૧૮૫.૫ ચો.મી. જમીન (ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૦) ચિલોડા (મોટા)માં સમાવેશ થતાં ફા. પ્લોટ નં. ૧૧૫ ની ૫૪૪૧ ચો.મી. જમીન પૈકી કાળાજી વેલાજી અને શંભુજી વેલાજીના હિસ્સાની એફ.પી. મુજબ ૨૭૨૦.૫ ચો.મી. જુની શરતની ખેતીની જમીનમળી એમ બંને રજી. દસ્તાવેજની કુલ હે.આરે. ચો.મી. ૧-૫૬-૮૧ પૈકી ૦-૮૩-૭૧ વાળી (ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.૧૦)



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

# Mitesh N. Patel
## Advocate

+91 99250 10889 | mitesh.patel097@gmail.com


ચિલોડા (મોટા)માં સમાવેશ તથા ફા. પ્લોટ નં. ૧૧૫ની એફ.પી. મુજબ ૫૪૪૧ ચો.મી. જમીન વેચાણ આપનારાઓએ તા.૦૪/૦૯/૨૦૨૦ ના રોજ રજી. દસ્તાવેજ નં. ૧૫૧૪૧ તથા ૧૫૧૩૪ થી (૧) પટેલ કમલેશભાઈ અંબાલાલ, (૨) પટેલ અમૃતભાઈ જવાભાઈનાઓને વેચાણ આપતાં વેચાણ લેનારની અરજી, ઈન્ડેક્ષ, દસ્તાવેજની નકલ આધારે વેચાણ અંગેની ફેરફાર **નોંધ નં. ૫૦૧૬**, તા.૧૪/૦૯/૨૦૨૦ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા આરટીએસ/તકરારી કેસ નં.૧૫૩/૨૦, તા.૨૨/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૩૦) ત્યારબાદ સદરહું જમીનના ખાતેદાર (૧) કાળાજી વેલાજી, (૨) શંભુજી વેલાજીનાઓએ કુલ ૧-૫૬-૮૧ હે.આરે.ચો.મી. પૈકી ૦-૩૯-૫૫ વાળી જુની શરતની ખેતીની જમીન (પશ્ચિમ તરફનો પૈકી ભાગ પ્રાઈમ એગ્રીકલ્ચર ઝોન (એજી-૨) તા.૦૪/૦૯/૨૦૨૦ ના રોજ રજી. દસ્તાવેજ નં. ૧૫૧૨૭ થી વેચાણ લેનાર—(૧) પટેલ અશોકકુમાર કેશાભાઈ, (૨) ચૌહાણ શ્યામલસિંહ સુરપાલસિંહનાઓને વેચાણ આપતાં લેનારની અરજી, ઈન્ડેક્ષ, દસ્તાવેજની નકલ આધારે વેચાણ અંગેની ફેરફાર નોંધ નં. **૫૦૧૭**, તા.૧૪/૦૯/૨૦૨૦ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

સક્ષમ અધિકારીશ્રી દ્વારા આરટીએસ/તકરારી કેસ નં.૧૫૪/૨૦, તા.૨૨/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૩૧) ત્યારબાદ સદરહું જમીનના ખાતેદાર (૧) શકરાજી ગમીરજી, (૨) રમતુજી ગાંડાજી, (૩) ડઈબેન ઉર્ફે પ્રહીબેન બુધાજી ઠાકોર તે પોપટજી ઠાકોરની પત્નિ, (૪) અમીતજી ઉદાજી ઠાકોર તે સોમીબેનના પુત્રએ સદરહું કુલ ૧-૫૬-૮૧ પૈકી ૦-૩૬-૫૫ વાળી જુની શરતની ખેતીની જમીન (પશ્ચિમ તરફનો પૈકી ભાગ પ્રાઈમ એગ્રીકલ્ચર ઝોન (એજી-૨) તા.૦૪/૦૯/ ૨૦૨૦ ના રોજ રજી. દસ્તાવેજ નં.૧૫૧૩૮ થી કમલેશભાઈ અંબાલાલ પટેલને વેચાણ આપતાં લેનારની અરજી, ઈન્ડેક્ષ, દસ્તાવેજની નકલ આધારે વેચાણ અંગેની ફેરફાર **નોંધ નં. ૫૦૧૮**, તા.૧૪/૦૯/ ૨૦૨૦ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા આરટીએસ/તકરારી કેસ નં.૧૫૫/૨૦, તા.૨૨/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૩૨) ત્યારબાદ સદરહું જમીનના ખાતેદાર (૧) પટેલ અશોકકુમાર કેશાભાઈ, (૨) ચૌહાણ શ્યામલસિંહ સુરપાલસિંહ (વેચાણ આપનાર ન૧ તથા નં.૨ ના હિસ્સાની જમીન ૩૯૫૫ ચો.મી.) અને (૩) પટેલ કમલેશભાઈ અંબાલાલ (વેચાણ આપનાર નં.૩ નાસ હિસ્સાની જમીન ૩૯૫૫ ચો.મી.) મળી કુલ ૭૩૧૦ ચો.મી. જમીન તા.30/01/૨૦૨૧ ના રોજ



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

# Mitesh N. Patel
Advocate
+91 99250 10889 | mitesh.patel097@gmail.com


રજી. દસ્તાવેજ નં. ૨૮૨૧ થી અનુરાધાબેન વિનોદકુમાર મલ્લને વેચાણ આપતાં વેચાણ લેનારની અરજી, ઈન્ડેક્ષ, રજી. દસ્તાવેજની નકલ આધારે વેચાણ અંગેની ફેરફાર **નોંધ નં. ૫૧૧૨**, તા.૧૫/૦૨/૨૦૨૧ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા.૧૯/૦૩/૨૦૨૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૩૩) ત્યારબાદ સદરહું જમીન બાબતે વિવાદી – દેસાઈ રઘુભાઈ નારાયણભાઈએ મે. પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગર સમક્ષ વિવાદ અરજી દાખલ કરતાં મે. પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગરના હુકમ નં. આરટીએસ/અપીલ/એસ.આર.૬૩૨/૨૦૨૦, તા.૩૦/૦૭/૨૦૨૧ ના હુકમ આધારે વિવાદીની વિવાદ અરજી વિડ્રો પુરસીસ તથા સોગંદનામા આધારે પરત ખેંચવા મંજુરી આપવામાં આવતા કેસ રજીસ્ટરેથી કમી કરવા હુકમ થઈ આવતાં હુકમ અંગેની ફેરફાર **નોંધ નં. ૫૨૦૫**, તા.૧૨/૦૮/૨૦૨૧ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા.૨૦/૦૯/૨૦૨૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૩૪) ત્યારબાદ સદરહું જમીન બાબતે વિવાદી – દેસાઈ રઘુભાઈ નારાયણભાઈએ મે. પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગર સમક્ષ વિવાદ અરજી દાખલ કરતાં મે. પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગરના હુકમ નં. આરટીએસ/અપીલ/એસ.આર.૬૩૩/૨૦૨૦, તા.૧૩/૦૮/૨૦૨૧ ના હુકમ આધારે




Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

Mitesh N. Patel
Advocate
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

વિવાદીની વિવાદ અરજી વિડ્રો પુરસીસ તથા સોગંદનામા આધારે પરત ખેંચવા મંજુરી આપવામાં આવતા કેસ રજીસ્ટરેથી કમી કરવા હુકમ થઈ આવતાં હુકમ અંગેની ફેરફાર **નોંધ નં. ૫૨૧૧**, તા.૨૬/૦૮/૨૦૨૧ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા.૦૭/૧૦/૨૦૨૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૩૫) ત્યારબાદ સદરહું જમીન બાબતે વિવાદી – દેસાઈ રઘુભાઈ નારાયણભાઈએ મે. પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગર સમક્ષ વિવાદ અરજી દાખલ કરતાં મે. પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગરના હુકમ નં. આરટીએસ/અપીલ/એસ.આર.૬૩૧/૨૦૨૦, તા.૧૩/૦૮/૨૦૨૧ ના હુકમ આધારે વિવાદીની વિવાદ અરજી વિડ્રો પુરસીસ તથા સોગંદનામા આધારે પરત ખેંચવા મંજુરી આપવામાં આવતા કેસ રજીસ્ટરેથી કમી કરવા હુકમ થઈ આવતાં હુકમ અંગેની ફેરફાર **નોંધ નં. ૫૨૧૨**, તા.૨૬/૦૮/૨૦૨૧ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા.૦૭/૧૦/૨૦૨૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૩૬) ત્યારબાદ સદરહું કુલ ૧૫૬૮૧ ચો.મી. પૈકી ૫૭૭૧ ચો.મી. જમીન માટે અરજદારશ્રી અમૃતભાઈ જીવાભાઈ પટેલ તથા વિગેરેએ ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતી પરવાનગી મેળવવા તા.૧૪/૦૭/૨૦૨૧ ના રોજ ઓન લાઈન અરજીથી માંગણી



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

Mitesh N. Patel
Advocate
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

કરતાં કલેક્ટરશ્રી, ગાંધીનગરના તા.૧૫/૦૯/૨૦૨૧ ના હુકમ ક્રમાંક : ૧૭૭૯/૦૬/૦૩/૦૩૩/૨૦૨૧ મુજબ બિનખેતીના હેતુ માટે હુકમમાં જણાવેલ શરતોને આધીન મંજુરી આપતાં બીનખેતી અંગેની ફેરફાર નોંધ નં. ૫૨૩૯, તા.૧૫/૦૯/૨૦૨૧ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા.૨૮/૧૨/૨૦૨૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૩૭) ત્યારબાદ સદરહું કુલ ૧-૫૬-૮૧ પૈકી ૦-૮૩-૭૧ વાળી જમીન પૈકી (૧) પટેલ કમલેશભાઈ અંબાલાલના હિસ્સાની ૪૧૮૫.૫ ચો.મી. જમીન (ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૧૭ (ચિલોડા)માં સમાવેશ થતાં ફા. પ્લોટ નં.૧૧૫ ની ૫૪૪૧ ચો.મી. જમીન પૈકી ૨૭૨૦.૫ ચો.મી. જુની શરતની બીનખેતીની જમીન તા.૦૪/૦૬/૨૦૨૨ ના રોજ રજી. દસ્તાવેજ નં.૨૧૧૨૫ થી પટેલ અમૃતભાઈ જીવાભાઈને કન્ફમીંગ પાર્ટી તરીકે સામેલ રાખી લલીતાદેવી અશોકકુમાર જૈનને વેચાણ આપતાં વેચાણ લેનારની અરજી, ઈન્ડેક્ષ, રજી. દસ્તાવેજની નકલ આધારે વેચાણ લેનારના નામે કરવા વેચાણ અંગેની ફેરફાર **નોંધ નં. ૫૪૧૯**, તા.૧૭/૦૮/૨૦૨૨ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા.૧૦/૧૧/૨૦૨૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

Mitesh N. Patel
Advocate
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

(૩૮) ત્યારબાદ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૨૦૨ ઓફ ૨૦૦૬/ટીપીએસ-૧૬૨૦૦૬-૧૯૬૪-એલ, તા.૦૭/૦૭/૨૦૦૬ થી ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની મંજુર થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નંબર ૧૭-સિલોઝમાં સમાવિષ્ટ સરવે/બ્લોક નં.૭૨૧ નો નગર રચના યોજનામાં ૨૯૩૦ ચો.મી. જમીન ટી.પી. સ્કીમમાં કપાત કરી ફાઈનલ પ્લોટ નં. ૧૧૫ જેનું ક્ષેત્રફળ ૫૪૪૧ ચો.મી. ફાળવવામાં આવતા સદરહું જમીનના ગામ નમુના નં. ૭ ના બીજા હક્કમાં નગર રચના યોજનામાં કપાત થયેલ ક્ષેત્રફળ તથા ફાઈનલ પ્લોટ નંબરની વિગત દાખલ કરી સદર કપાત થતી જમીનનું ક્ષેત્રફળ ફેરફારને પાત્ર રહેશે તેમજ નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૬૫ હેઠળ સરકારશ્રી દ્વારા પ્રારંભિક યોજના મંજુર થયેથી મંજુર પ્રારંભિક યોજનામાં કપાત થયેલ જમીનનું ક્ષેત્રફળ આખરી ગણવા બીજા હક્કમાં ફેરફાર **નોંધ નં. ૫૫૯૯**, તા.૦૭/૧૦/૨૦૨૩ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારીશ્રી દ્વારા તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે. પરંતુ ત્યારબાદ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના તા.૨૭/૦૨/૨૦૨૫ ના પત્ર નં. ગુડા/તાંત્રિક/૧૮૫૯/૨૦૨૫ થી ફાઈનલ પ્લોટ નં.૧૧૫ ના ૫૪૪૧ ક્ષેત્રફળમાં ૨૬ ચો.મી.ની વધુ કપાત કરવામાં



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

Mitesh N. Patel
Advocate
+91 99250 10889 | mitesh.patel097@gmail.com

આવતાં ફાઈનલ પ્લોટ નં.૧૧૫ નું નવીન ક્ષેત્રફળ ૫૪૧૪ આપવામાં આવેલ છે.

(૩૯) સદરહું મિલકતમાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ (ગુડા) દ્વારા તારીખ : ૧૮/૦૩/૨૦૨૫ ની બાંધકામ રજા ચીઠ્ઠી ૧૧૧૫LDર૪ર ૫૦૦૩૧ થી મંજુર કરવામાં આવેલા પ્લાન/નકશા તથા મેળવેલ વિકાસ માટેની પરવાનગી મળેલ છે.

વધુમાં અમો એડવોકેટશ્રી દ્વારા બ્લોક/સર્વે નં.૭૨૧ (જુના સર્વે નં.૪૯૨) બાબતે તા.૨૩/૧૧/૨૩ ના રોજ સંદેશ વર્તમાન પત્રમાં જાહેર નોટીસ આપેલ અને સદરહું જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, પોષાતો હોય તો તે અંગે વાંધા આપવા જણાવવા અંગેની જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ જે નોટીસ બાબતે આજદિન સુધી કોઈપણ પ્રકારના વાંધા કે પુરાવા આજદિન સુધી અમોને મળેલા નથી કે કોઈપણ પ્રકારની રજૂઆત પણ કરવામાં આવેલ નથી.

સદર જમીન બાબતે અમો એડવોકેટશ્રીએ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં સને-૧૯૯૩ થી ૨૦૨૩ સુધી તારીખ : ૦૪/૧૦/૨૦૨૪ ના રોજ અરજી નંબર : ૨૯૩૩૦ થી તથા સને-૨૦૨૪ થી ૨૦૨૫ સુધી તારીખ : ૩૧/૦૩/૨૦૨૫ના રોજ અરજી નં.૧૫૯૨ થી સર્ચ તપાસ કરેલ છે. જે



Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

# Mitesh N. Patel
## Advocate
+91 99250 10889 | mitesh.patel097@gmail.com


સર્ચ તથા રીપોર્ટ જોતા અમોને સદરહુ જમીન બાબતે કોઈપણ જાતના વાંધા જનક લેખો કે હસ્તાંતરને પાત્ર લેખો મળી આવેલ નથી.

તા.૦૧/૦૪/૨૦૨૪
ગાંધીનગર.

અમારી મારફતે

Mitesh N. Patel Advocate Gandhinagar

મીતેશ એન. પટેલ
(એડવોકેટ)
સનદ નં. ૧૨૫૦/૨૦૧૪




Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011

# Mitesh N. Patel

**Advocate**

+91 99250 10889 | mitesh.patel097@gmail.com


## :: ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ ::

આ કામે જત ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ **ગાંધીનગર**ના મોજે-ચિલોડા (ડભોડા) ગામની સીમના **ખાતા નં.૮૮૪** ના રી-સર્વે નં.**૭૨૧** (જુનો બ્લોક/સર્વે નં.૪૬૨) ની કુલ **૧-૫૬-૮૧** હે.આરે.ચો.મી. પૈકી **૦-૮૩-૭૧** હે.આરે.ચો.મી. બીન ખેતીની જમીન જેનો ડ્રાફ્ટ ટી.પી. **સ્કીમ નં.૧૭ (ચિલોડા)**માં સમાવેશ થતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ **નં.૧૧૫** ની ૫૪૧૪ ચો.મી. બીનખેતીની જમીન સરકારી રેકર્ડમાં ડી.આર.ડેવલોપર્સ ભાગીદારી પેઢીના નામે ચાલે છે અને તેના ડેવલોપમેન્ટના હક્કો ડી.આર.ડેવલોપર્સ ભાગીદારી પેઢી પાસે છે. તેઓએ સદર જમીનનું ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ માંગણી કરતાં તેઓએ રજુ કરેલ પુરાવાઓ આધીન સદરહું જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ ગણવાના રહેશે તેવો અમારો અભિપ્રાય રજુ કરીએ છીએ.

તા.૦૧/૦૪/૨૦૨૪
ગાંધીનગર.

Mitesh N. Patel
Advocate
Gandhinagar

અમારી મારફતે

મીતેશ એન. પટેલ
(એડ્વોકેટ)
સનદ નં. ૧૨૫૦૨૦૧૪




Resident : Patel Vas, At.Prantiya, Ta.& Dist.Gandhinagar.
Court : District & Sessions Court, Sector-11, Gandhinagar-382011